જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૦/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૩૮/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૨ | ૦ | ૧૦૬૭૨ | ૧૬૮૦૨ | ૦ | ૧૦૮૦૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૪ | ૦ | ૪૩૪૪ | ૫૮૫૮ | ૦ | ૫૮૫૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૮૪૩ | ૩૩ | ૧૪૮૭૬ | ૧૫૬૨૮ | ૩૬ | ૧૫૬૬૪ |
| કુલ | | ૨૯૯૦૭ | ૩૩ | ૨૯૯૪૦ | ૩૮૫૦૭ | ૩૬ | ૩૮૫૪૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૨ | ૧૨,૩૭,૨૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૭૪ | ૧૫,૭૪,000/- |

# મોબાઇલ સ્નેચીંગના આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન

## મોબાઇલ સ્નેચીંગનો મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી “ કે ” ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ.વિજયસિહ રજુજી બ.નં.૯૦૩૬ તથા અ.હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા હેડ.કો.મોસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૧૩૯૪ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના અ.હેડ.કોન્સ.વિજયસિહ રજુજી તથા હેડ.કો.મોસીન યાસીનભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) મોહમદનાજીમ ઉર્ફે રીઝવાન સ/ઓ મુખત્યારએહમદ શેખ ઉ.વ.૩૪ રહે : મ.નં.૨૦૮ નુરહાજી ફલેટ છીપા સોસા.ની અંદર દાણીલીમડા અમદાવાદ શહેર તથા (૨) ઇમ્તિયાઝ ઉર્ફે દલ્લો સ/ઓ ફકીરમોહમદ શેખ ઉ.વ.૨૫ રહે : મોહન તલાવડી ના છાપરા છીપા સોસાયટીની અંદર દાણીલીમડા અમદાવાદ શહેર નાઓએ ફરિ.શ્રીની નજર ચુકવી ઝુંટવી લઇ ચોરી કરી મેળવેલ ઓપો કંપનીનો મો.ફોન કિ,રૂ,૧૫,૦૦૦/ ના મુદામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પો.સ્ટેશન એ-પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૦૧૨૧૬/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯(એ),(૩),૧૧૪ મુજબ નો ગુનો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢેલ છે.

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>કાગડાપીઠ પોલીસ સ્ટેશનઃ-</u>**

## <u>ઘરફોડ ચોરીના આરોપીને સી.સી.ટીવી ફુટેજ આધારે મુદ્દામાલ સાથે પકડી પાડતી કાગડાપીઠ પોલીસ</u>

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટરશ્રી એમ.એ.સિંહ સાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ તા.૦૭/૧૦/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી પી.કે.ગોહિલ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન પેટ્રોલીંગ ફરતા-ફરતા કલાક ૨૦/૩૦ વાગે સારંગપુર સર્કલ પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.દિગ્વિજયસિંહ ધનશ્યામસિંહ તથા લોકરક્ષક રવિરાજસિંહ ચતુરસિંહ તથા લોકરક્ષક રવિરાજસિંહ સહદેવસિંહ નાઓએ સંયુક્ત રીતે બાતમી હકિકત મળેલ કે, "કાગડાપીઠ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫ ૨૦૧૨૨૨/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબના ગુનાના કામે ૧૦૦ કોટન પેન્ટના પીસ ચોરી કરેલ હોવાની ફરીયાદ અંગે ગુનાવાળી જગ્યાના સી.સી.ટીવી કેમેરાની ફુટેજ આધારે ફુટેજમાં દેખાતો શંકાસ્પદ ઈસમ કે જેણે શરીરે વાદળી કલરની ટી-શર્ટ તથા કાળા કલરનુ નાઇટ પેન્ટ પહેરેલ છે તે ઇસમ હાલમાં ઘંટાકર્ણ માર્કેટ તરફથી ચાલતો આવી અત્રે થઇ પસાર થનાર છે" વિગેરે મતલબની બાતમી હકિકત આધારે બાતમી હકીકતવાળી જગ્યાએ વોચમાં રહી ઉપરોક્ત બાતમીમાં જણાવેલ વર્ણનવાળા ઈસમ કેરસિંગ ઉર્ફે કિરણ સ/ઓ પ્રેમસિંગ લોંભસિંગ જાતે.રાજપુત ઉ.વ.૨૨ રહે.મ.નં.૪૩ શ્યામવીલા સોસાયટી સીંગરવા કઠવાડા રોડ ઓઢવ અમદાવાદ શહેર તથા મુળ રહે.ગામ-પાંચલા તા.સાંચોર જી.ઝાલોર (રાજસ્થાન) ને પકડી સદરી પાસેથી અલગ-અલગ કલરના કુલ-૧૦૦ નંગ કોટન પેન્ટના પીસ છે. કુલ્લે કિં.રૂ.૫૦,૦૦૦/- ગણી તથા એક લાવા કંપનીનો કાળા કલરનો મોબાઇલ ફોન કિ.રૂ. ૫,૦૦૦/- તથા એક પીત્તળના ધાતુવાળી ચાવી જેની કિં.રૂ.૦૦/૦૦ ગણી કુલ્લે કિં.રૂ.૫૫,૦૦૦/- નો મુદ્દામાલ પકડી સદરીનો કોરોના રીપોર્ટ કરાવી કોરોનાનો રીપોર્ટ નેગેટીવ આવતા આજરોજ તા.૧૦/૧૦/૨૦૨૦ ના કલાક ૧૪/૦૦ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહિ કરી કાગડાપીઠ પોલીસ સ્ટેશનનો ઉપરોક્ત ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.



# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશનઃ-

## લુંટના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૦૨૮૩/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૯૨ મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૧૩૨૫/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૯૨ ૧૧૪ મુજબના ગુનો દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૦૩૬/૨૦૨૦ તા-૧૦/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૦/૧૦/૨૦૨૦ ના કલાક-૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૧૦/૧૦/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

## આરોપીનુ નામ -

કુલદિપ ઉર્ફે બોબી સ/ઓ રાજેશભાઇ પરમાર (છારા) ઉ.વ.૨૩ ધંધો: છુટક મજુરી રહે.મહાજનીયા વાસ અનુરાધા મેડીકલની સામે નરોડા પાટીયા સરદારનગર અમદાવાદ શહેર



**કાગડાપીઠ પોલીસ સ્ટેશનઃ-**

## મિલકત સબંધી આરોપીની પાસા અટકાયતી તરીકે ધડપકડ કરતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.એ.સિંહનાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન તેમજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ મિલકત સબંધી ગુનાઓમા ૧(એક) આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય, સદરી આરોપીને પોસ્ટે ખાતે લાવી પાસા અટકાયત કરી નીચે મુજબની પાસા હુકમની બજવણી કરેલ છે.

અત્રેના (૧) દાણીલીમડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૭૯/૨૦૧૯ધી ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪મુજબ તથા (૨) કાગડાપીઠ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૦૧૧૭૦/૨૦૨૦ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબના મિલકત સબંધી ગુનામાં પકડાયેલ આરોપી નામે વિજય ઉર્ફે રામાભુરા રામજીભાઇ ભુરાભાઇ ખુમાણ, ઉ.વ.૨૨, ધંધો-મજુરી, રહે, મ.નં.૧૨૧, માણેકલાલ કેશવલાલની ચાલી, પરીક્ષીતલાલ નગરની સામે, ડિસ્કો પાન પાર્લરની સામે, બહેરામપુરા, અમદાવાદ શહેરનાઓ વિરૂધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રીનાઓ સમક્ષ સાદર કરતા તેઓશ્રી સાહેબે તેઓની કચેરીના ક્રમાંક/PCB/DTN/પાસા/૧૦૩૭/૨૦૨૦ તા.૧૦/૧૦/૨૦૨૦ અન્વયે સદરી પાસા અટકાયતીને “પાલારા ભુજ” જેલ મોકલી આપવા હુકમ કરેલ. જે હુકમ આધારે મજકુર પાસા અટકાયતીની નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ કોવિડ-૧૯ ની સારવાર કરાવી સારવાર રીપોર્ટ નેગેટીવ આવતા સદરી પાસા અટકાયતીને આજરોજ તા.૧૦/૧૦/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગ્યા દરમ્યાન પાસા હુકમની બજવણી કરી “પાલારા ભુજ” જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા સારુ જરૂરી પોલીસ જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૧૦/૧૦/૨૦૨૦



## શાહીબાગ પોલીસ સ્ટેશનઃ-

### પ્રોહીબીશન  સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં દારુ સંબંધી ગુનાઓ અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી એ.કે.પટેલ નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં તથા આજુબાજુના વિસ્તારમાં દારુ સંબંધી આરોપી સબ્બીરહુસેન સુબ્રાતીભાઈ જાતે મન્સુરી ઉ.વ.૪૫ રહેવાસી :જોરાવરનગરનો ટેકરો કાચાછાપરામાં અલમદીના રેસીડેન્સી સામે દહેગામ તા.દહેગામ જી.ગાંધીનગર વિરુદ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૦૪૧/૨૦૨૦ તા.૧૦/૧૦/૨૦૨૦ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૧૦/૧૦/૨૦૨૦ ના  કલાક:૨૦/૦૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે ખાસ જેલ,પાલારા ભુજ ખાતે મોકલી આપવામાં આવેલ છે .

આરોપીનું નામ: સબ્બીરહુસેન સુબ્રાતીભાઈ જાતે મન્સુરી ઉ.વ.૪૫  રહેવાસી: જોરાવરનગરનો ટેકરો કાચાછાપરામાં અલમદીના રેસીડેન્સી સામે દહેગામ તા.દહેગામ જી.ગાંધીનગર

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

(૧) પો.સ.ઈન્સ એસ. એ.દેસાઈ તથા સર્વેલન્સ ટીમના માણસો
(૨) ASI વિરેન્દ્રસિંહ મકુભા બ.નં.૭૬૯૮
(3) WLRD નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪
(૪)  pc કુલદીપસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૫૧૧૧

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી ૮૮ લીટર દેશી દારૂ, ૧૮૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૧/૨૦૨૦**

**પાલડીઃ (૧)** દેવ સ/ઓ હેમભાઈ દેસાઈ (રહે. સમસ્ત બ્રહ્મક્ષત્રિય સોસાયટી અમુલ ગાર્ડન સામે ચંદ્રનગર ચાર રસ્તા પાલડી) એ તા.૧૦/૦૯/૨૦૨૦ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૦ સાજના ૫/૩૦ થી રાતના ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી રોકડ રૂપિયા ૮,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ઓ.રબારી ચલાવે છે.

**પાલડીઃ (૨)** દિપ પરેશભાઇ સાફી (રહે. સિધ્ધાચલ એપાર્ટમેન્ટ વિકાસગૃહ રોડ અશોક્નગર પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૦/૨૦૨૦ રાતના ૯/૧૫ થી તા.૧૦/૧૦/૨૦૨૦ સવાર સુધીના સમયગાળા દરમ્યાન પાલડી વર્ધમાન કોમ્પલેક્ષ ઓનેસ્ટ ભાજી પાઉ સામે પાલડી ભઠ્ઠા ખાતે આવેલ મહેશ્વરી ટ્રેડીંગ નામની દુકાનના પતરાવાળી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કાઉન્ટરના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.કરપડા ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૨/૨૦૨૦**

**સરદારનગરઃ** મોનીકાબહેન વા/ઓ ચંદુભાઇ જુરાની (ઉ.વ.૩૬) (રહે.૩૦ નંબર ગલી જુના જી વોર્ડ કુબેરનગર સરદારનગર) તા.૧૦/૧૦/૨૦૨૦ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે કુબેરનગર દેવલાલી બજાર ઉષા મશીન નામની દુકાન આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ મોનીકાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ મોનીકાબહેન જુરાનીએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.ઢોડીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૪૩/૨૦૨૦</u>**

**સોલા હાઈકોર્ટઃ** રાહુલરાજ સ/ઓ કામેશ્વરસિહ મહતો (ઉ.વ.૨૧) (રહે. શક્તિ ચોક વસંતનગર ટાઉનશીપ ગોતા હાઉસિંગ ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૦ રાતના ૨૦/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં રૂમાલ બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** મોહમદશોએબ હુસ્નુદીન નિઝામી (ઉ.વ.૪૨) (રહે. દાવત મંજીલ ફ્લેટ સાહીલ દવાખાના સામે કાલુપુર ટાવર પાસે દરીયાપુર) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૦ કલાક ૧૦/૧૫ વાગ્યા પહેલા વાસણા બેરેજ પાસે રીવરફ્રન્ટ વોક-વે રેમ્પ નંબર-૪ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંદ્ર આત્મરામ ચલાવે છે.

**ઓઢવઃ** મનીષાબહેન ડો/ઓ ખેમાભાઇ સોલંકી (ઉ.વ.૧૭) (રહે. નાગજીભાઇ રબારીની ચાલી મહાકાળી માતાના મંદીર પાછળ રબારી વસાહત ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૦ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**રામોલઃ** ઇશનાઝખાતુન વા/ઓ સહીમઇસમહમંદ અંસારી (ઉ.વ.૨૬) (રહે.નસીમપાર્ક પઠાણના બંગલા સામે રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૦ સાજના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી